
જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

# કૃત સંકલ્પ

Vol.16-17* Issue : 482, 05th May - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦






જનતાનો અવાજ, કરશે બુલંદ કોંગ્રેસનો જનમંચના નારા સાથે બનાસકાંઠા જીલ્લાના પાલનપુર અને વડગામ ખાતે આયોજિત “જનમંચ” કાર્યક્રમ

**સંપાદક અને પ્રકાશક**
હસમુખ પટેલ

**સહ સંપાદક**
ડો. મનિષ દોશી
વિજય દવે

RNI No. : 70957/1998
L-5/131/GAMC/1720/2021-23
**વર્ષ : ૧૬-૧૭**
**સળંગ અંક : ૪૮૨**
**5, May - 2023**

**રજિ. કાર્યાલય**
**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**
મંગલપ્રભાત બિલ્ડિંગ,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,
**અમદાવાદ**
E-mail : krutsankalp2015@gmail.com
**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**
વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,
આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**તાજેતરમાં** ગુજરાત રાજ્યમાં ૧લી મે-૨૦૨૩ના રોજ પોતાના સ્થાપના દિનની ઉજવણી થઈ. "ગુજરાત દિન" "ગૌરવ દીન" તરીકે પણ ઓળખવામાં આવે છે, પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે, ભાજપના રાજમાં ગુજરાતના ગૌરવનું હનન થઈ રહ્યું છે. ગુજરાતની શાંતિ, સુરક્ષા, સમૃદ્ધિ ભાજપની સરકારમાં છીનવાઈ ગઈ છે. માટે જ ગુજરાત કોંગ્રેસે ગુજરાતના સ્થાપના દિન ૧લી, મે થી સમગ્ર રાજ્યમાં તાલુકે તાલુકે "જનમંચ" કાર્યક્રમ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતના યુવાનો, મહિલાઓ, વેપારીઓ, ખેડૂતો, પીડિતો, વંચિતો, શોષિતોને પોતાની વાત, સમસ્યા અને પ્રશ્નો સહિત કોઈ પણ ફરિયાદના અવાજને વાચા આપીને બુલંદ કરવા માટે આ "જનમંચ" એક મજબૂત પ્લેટફોર્મ બની રહેશે. આજે જ્યારે જંગી બહુમતીના ગુમાનમાં રાચતી અને કહેવાતી ડબલ એન્જિનની સરકાર જાહેર તાયફા-તમાશા અને રાજકીય એજન્ડામાં વ્યસ્ત અને ભ્રષ્ટાચારમાં મસ્ત છે ત્યારે ગુજરાતની સામાન્ય જનતાના પ્રશ્નો અને સમસ્યાઓને સાંભળવા માટે કોંગ્રેસ એક રચનાત્મક વિરોધ પક્ષ તરીકે સામાન્ય જનતાના અવાજને બુલંદ કરવા "જનમંચ" કાર્યક્રમ મારફતે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે. દરેક ગુજરાતી કોંગ્રેસના "જનમંચ" પર આવીને પોતાની વાત-ફરિયાદ, સમસ્યા અને સૂચનો નિર્ભિકપણે રજૂ કરી શકશે અને કોંગ્રેસ તેનું નિરાકરણ લાવવાના તમામ પ્રયાસો કરશે.

કર્ણાટકમાં ભાજપ હવે હાર ભાળી ગયો છે. કર્ણાટકમાં ભાજપનું હવે ભંગાણ થઈ ગયું છે. અગ્રણી નેતાઓનો મોહભંગ થતાં ભાજપ સાથે છેડો ફાડીને કોંગ્રેસમાં આવી ગયા છે. આમ પણ કર્ણાટકની જનતા ભાજપ સરકારથી ત્રાહિમામ પોકારી ગઈ છે. રાજ્યના લિંગાયત સમુદાયના પૂર્વ મુખ્ય પ્રધાન જગદીશ શેટ્ટર સહિતના અનેક સાથીઓ ભાજપનો સાથ છોડીને કોંગ્રેસમાં જોડાઈ જતા હવે રાજ્યનો સમગ્ર લિંગાયત સમુદાય કોંગ્રેસની પડખે છે અને આ સંજોગોમાં કોંગ્રેસ કર્ણાટકમાં ભારે બહુમતી સાથે ચૂંટાશે એ નિશ્ચિત છે. કર્ણાટકમાં ભાજપ સત્તા જાળવી રાખે તો મોટો ચમત્કાર ગણાશે.

સમગ્ર વિશ્વને અહિંસા, કરુણા, સહિષ્ણુતા અને પ્રેમનો માર્ગ દર્શાવનારા ભગવાન બુદ્ધની ૫, મેના રોજ જન્મજયંતિ અને બુદ્ધ પૂર્ણિમાના પાવન પ્રસંગે ભગવાન બુદ્ધને શત્ શત્ નમન અને દેશના નાગરિકોને બુદ્ધ પૂર્ણિમાની શુભકામનાઓ. કોંગ્રેસના યુવા નેતા અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી દિવંગત રાજીવ સાતવને ૧૬, મેના રોજ તેમની પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાસુમન. સ્વ. રાજીવ સાતવનો સૌમ્ય અને સાલસ સ્વભાવ, સાદગી અને પક્ષ માટે તેમનું નિષ્ઠાવાન નેતૃત્વ હંમેશાં યાદ રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**જગદીશ ઠાકોર**
પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**











આ માણસે મોંઘવારીની ફરિયાદ કરવાનું ચાલુ કર્યું ત્યારે જ મને ખબર પડી ગઈ હતી કે આ રાષ્ટ્રવિરોધી છે !






# ડબલ એન્જિન સરકારની વાસ્તવિકતા...

**છેલ્લા બે વર્ષમાં ગરીબ પરિવારોની સંખ્યા વધી છે, એક બાજુ ભાજપના નેતાઓ મફત અનાજના મુદ્દે વાહવાહી લૂંટે છે, એટલું જ નહીં આ વાતને સરકારની સિદ્ધિ ગણાવે છે, વાસ્તવમાં ગુજરાતમાં ગરીબોની એવી પરિસ્થિતિ છે કે મોંઘવારી અને બેરોજગારીને કારણે લોકો મફત અનાજ લેવા મજબૂર બન્યા છે...**

**ગુજરાતમાં** પૂર્ણ દુષ્કાળ હોય તેવા પાણીના પોકાર સંભળાવાની શરૂઆત થઈ ગઈ છે. ગઈ વિધાનસભાની ચૂંટણી જીતવા ચૂંટણી પહેલાં ભાજપ સરકારે આડેધડ નર્મદા ડેમનું લાખો ગેલન પાણી વહાવી દીધું હતું. તેને કારણે સ્વયં નર્મદા ડેમની જ સાઈકલ તૂટી ગઈ છે. ભાજપ સરકારે માન્યું હશે કે ચોમાસું આવશે એટલે એમનું પરાક્રમ ઢંકાઈ જશે. ગુજરાતના ચાર જિલ્લાઓમાં અત્યારથી ટેન્કરો દ્વારા પીવાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડી છે.

હવે નર્મદા જેવા બહુ ગાજેલા ડેમની નિરર્થકતાનો ગુજરાતના એકએક નાગરિકને તેનો પરિચય થશે. ડેમ નિરર્થક નથી, પણ એ જે રાજકર્તાઓને હાથે ચડ્યો છે તેને તો પક્ષ નિભાવવાની અને મત મેળવવાની જ તાલાવેલી છે. પ્રજા કલ્યાણની વાત જ તેમની પાસે નથી. આ વખતનો ઉનાળો ટાઢા કોઠે ભાજપની સર્વ મૂર્ખતાઓ, અવ્યવસ્થા અને અરાજકતાને છતી કરશે. તેની પહેલી નિશાની એ છે કે શાળાઓનું વેકેશન લંબાવી દેવાશે. ભાજપની એ જૂની પ્રેક્ટિસ છે. આમ પણ શિક્ષણ ક્ષેત્રે તો આ સરકારને કોઈ રસ જ નથી. ટૂંક સમયમાં જ ગુજરાતમાં ટેન્કર ઉદ્યોગ ફાટી નીકળશે. ચારે બાજુ પાણીનાં ટેન્કરો જોવા મળશે. જેટલા છકડાં છે તેમાંથી મોટા ભાગના મિનિ ટેન્કર બની જશે. પાણીના વેપારનો ધીકતો ધંધો પ્રજાને ભાજપ સરકારની નવી ભેટ તરીકે જોવા મળશે. આ બધા વાતાવરણ વચ્ચે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારની પ્રજાનું દુઃખ કોણ સમજશે અને તેઓની તરસ કોણ છીપાવશે તે મોટો પ્રશ્ન બની રહેશે. આ વખતનો ઉનાળો વધારે આકરો બને તો આપણી સ્થિતિ શું થશે તે ચિંતાનો વિષય છે.



કેન્દ્ર સરકારે રાજ્યસભામાં કબૂલાત કરી હતી કે છેલ્લાં ૫ વર્ષમાં દેશમાં જંગલની ૮૯ હજાર હેક્ટર જમીન અન્ય હેતુઓ માટે આપી દેવામાં આવી છે. ૧૩ વર્ષમાં ગુજરાતમાં ગુજરાતના જંગલોની કુલ ૧૩ હજાર હેક્ટર જમીન અન્ય હેતુઓ માટે આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૦-૨૧ના ચાર વર્ષના ગાળામાં જ ગુજરાતમાં ૫૩૪૦ હજાર હેક્ટર જમીનને જંગલ સિવાયના હેતુ માટે ફાળવી દેવાઈ છે. બે વર્ષમાં જ ગુજરાત સરકારે ૧૮૦.૦૮ હેક્ટર જંગલની જમીન ઉદ્યોગોને ફાળવી દીધી છે. આ માટે ઉદ્યોગો પાસેથી ફક્ત ૭૮.૭૧ કરોડ રૂપિયા જ વસુલ કરાયા હતા. વર્ષ ૨૦૨૧માં આવી ૨૧ દરખાસ્ત આવી હતી.

સાબરમતી સહિત રાજ્યની ૧૩ નદી દેશની સૌથી પ્રદૂષિત નદીઓમાં આવે છે. રિવરફ્રન્ટનો પ્રચાર સરકારે ઢોલ વગાડીને કર્યો હતો પણ સાબરમતીનું પાણી પીવાલાયક તો ઠીક પણ નહાવાલાયક પણ ન હોવાનું બહાર આવ્યું છે. રાજ્યમાં સૌથી વધુ પ્રદૂષિત નદી સાબરમતી છે. એ પછી ભાદર, ખારી, અમલા, ખાડી, વિશ્વામિત્રી, ઢાઢર, મીંઢોલા, મહી, શેઢી, ભોગવો, દમણગંગા, ભૂખી, ખાડી અને તાપીનો સમાવેશ થાય છે.


સાબરમતીમાં ૨૯૨ એમજી બાયો કેમિકલ ઓક્સિજન ડિમાન્ડ (બીઓડી) છે. નિયમ મુજબ ૩ એમજીથી વધુ બીઓડી હોય તો પાણી નહાવાલાયક કહેવાય નહીં. રાજ્યમાં સૌથી પ્રથમ રિવરફ્રન્ટ સાબરમતી નદી ઉપર તૈયાર થયો છે. આ મોડલને ધ્યાનમાં રાખી સુરત સહિતના શહેરોમાં રિવરફ્રન્ટ તૈયાર કરવાના છે. સાબરમતી નદીના કિનારા વિસ્તારના ઉદ્યોગો ઝેરી કચરો અને પ્રદૂષિત પાણી નદીમાં ઠાલવે છે. કેટલીક જગાએ તો ટ્રીટ કર્યા વગરનું સીધું પાણી નદીમાં ઠલવાતું હોવાની ફરિયાદો અવારનવાર થયા કરે છે.

**રાજ્યમાં સાબરમતી નદી સૌથી પ્રદૂષિત હોવા છતાં કેન્દ્ર સરકારે ત્રણ વર્ષ સુધી સાબરમતીના શુદ્ધિકરણ માટે કોઈ ગ્રાન્ટ આપી નથી, રાજ્ય સરકારે ૨૦૨૧-૨૨માં સાબરમતીના શુદ્ધિકરણ અને સંરક્ષણ માટે ૧૭.૪૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, આ પછી ગયા વર્ષે ૨૦૨૨-૨૩માં એક પણ રૂપિયો ફાળવ્યો નથી**

રાજ્યમાં સાબરમતી નદી સૌથી પ્રદૂષિત હોવા છતાં કેન્દ્ર સરકારે ત્રણ વર્ષ સુધી સાબરમતીના શુદ્ધિકરણ માટે કોઈ ગ્રાન્ટ આપી નથી. રાજ્ય સરકારે ૨૦૨૧-૨૨માં સાબરમતીના શુદ્ધિકરણ અને સંરક્ષણ માટે ૧૭.૪૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. આ પછી ગયા વર્ષે ૨૦૨૨-૨૩માં એક પણ રૂપિયો ફાળવ્યો નથી. ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં પણ સાબરમતી નદી માટે એક પણ રૂપિયો ફાળવ્યો નથી.

કચ્છ જિલ્લાના મુંદ્રા અને માંડવી તાલુકાના મુંદ્રા પોર્ટ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માટે અદાણીને રૂ.૫,૦,૦૧,૯૭૭ ચો.મી. જમીન સરકારે સાવ સસ્તા ભાવે વેચાણથી આપી દીધી હતી. આ જમીન સરકારે રૂ.૨ થી લઈ રૂ. ૩૪ના ભાવે વેચાણથી આપી હતી. કચ્છના ગૌચર વિનાના ગામોની સંખ્યા હાલ ૧૦૩ છે. આ ગામોને ગૌચરની જમીન ફાળવાતી નથી.

ગુજરાતમાં ઈઝરાયલથી આવેલી દરિયાઈ પાણીને પીવાલાયક બનાવતી જીપની ટેકનોલોજી નિરર્થક નીવડી હતી. જેના ઢોલ-નગારા વગાડીને પ્રચાર કર્યો હતો તેના માટે ૧૨.૫૬ કરોડના ખર્ચે ૭ જીપનો કોન્ટ્રાક્ટ



અપાયો હતો. આ યંત્રની દૈનિક ક્ષમતા ૨૦ થી ૮૦ હજાર લિટર પાણીને શુદ્ધ કરવાની હતી, પરંતુ તેમાં માત્ર ૫ થી ૭ હજાર લિટર જ પાણી શુદ્ધ કરાતું હતું. કચ્છ અને દ્વારકામાં આ જીપો ધૂળ ખાતી જોવા મળી હતી. આમ આ જીપોની કામગીરી શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ હતી. સુરત શહેરમાં ૪ પુલ- ચંદ્રશેખર આઝાદ પુલ, સરદાર પુલ, કેબલ પુલ અને પાલ-ઉમરા પર્યાવરણીય મંજૂરી વગર જ બાંધી દેવામાં આવ્યા હતા. કચ્છના માંડવીમાં પરવાનગી વગર જ રિસોર્ટની કામગીરી કરાઈ હતી.

**આ વખતનો ઉનાળો ટાઢા કોઠે ભાજપની સર્વ મૂર્ખતાઓ અવ્યવસ્થા અને અરાજકતાને છતી કરશે, તેની પહેલી નિશાની એ છે કે શાળાઓનું વેકેશન લંબાવી દેવાશે. ભાજપની એ જૂની પ્રેક્ટિસ છે, આમ પણ શિક્ષણ ક્ષેત્રે તો આ સરકારને કોઈ રસ જ નથી, ટૂંક સમયમાં જ ગુજરાતમાં ટેન્કર ઉધોગ ફાટી નીકળશે, ચારે બાજુ પાણીનાં ટેન્કરો જોવા મળશે, જેટલા છકડાં છે તેમાંથી મોટા ભાગના મિનિ ટેન્કર બની જશે, પાણીના વેપારનો ધીકતો ધંધો પ્રજાને ભાજપ સરકારની નવી ભેટ તરીકે જોવા મળશે**

દેવું ભરપાઈ કરવા અનામત રાખવાના ફંડમાં ૧૦,૫૦૦ કરોડ રૂપિયાનો ફાળો ન નોંધાવી ગુજરાત સરકારે તેને મહેસૂલી આવક તરીકે દર્શાવી. આવા કુલ અલગ અલગ ૧૦,૯૨૧ કરોડ રૂપિયાનું ફંડ સરકારે આવક તરીકે બતાવીને મહેસૂલી પુરાંત કરી. એટલે કે જાવક સામે આવકનું પ્રમાણ વધુ છે તેવું દર્શાવ્યું. ગુજરાત સરકારે નેશનલ પેન્શન યોજના હેઠળ કર્મચારીઓના ખાતામાંથી કરેલી કપાતની કુલ ૨૨૫૮.૫૨ કરોડ રૂપિયાની સામે ૪૯ કરોડ રૂપિયા નેશનલ સિક્યોરિટી ડિપોઝિટરી લિમિટેડમાં ઓછા પૈસા જમા કરાવ્યા. આ રકમ પોતાના વપરાશ માટે રાખી અને તેના માટે એનએસડીએલને ૯૭ લાખ રૂપિયાનું વ્યાજ ચૂકવ્યું.

ગુજરાત સરકારની ખોટ કરતી કંપનીઓને સરકારે ૧.૧૬ લાખ કરોડ કરતાં વધારે રૂપિયા આપ્યા. તેની સામે માત્ર ૧૩૪ કરોડ રૂપિયાની કમાણી કરી જે કુલ રોકાણના ૦.૧૨ ટકા જેટલી જ છે. ખોટ કરતી મોટી કંપનીઓ પૈકી નર્મદા નિગમમાં ૭૩૭.૩૨ કરોડનું નુકસાન થયું. સરકારે પોતાની વિવિધ સંસ્થાઓને ૨૦૦૯થી ૨૦૨૨ના ગાળા દરમિયાન કુલ ૮૩૩ કરોડ રૂપિયાની લોન આપી હતી. આ સંસ્થાઓએ મુદ્દલ કે વ્યાજની ચૂકવણી કરી નથી.

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશનને અત્યાર સુધીની કુલ ખોટ રૂ.૧૨,૮૯૭ કરોડ, સરદાર સરોવર નર્મદા નિગમની કુલ ખોટ રૂ.૬૭૪૧ કરોડ, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પો. રૂ.૩૮૩૧ કરોડ, ગુજરાત સ્ટેટ ફાઈનાન્શિયલ કોર્પો.ની રૂ.૩૦૫૫ કરોડ, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ની. રૂ.૬૭૮ કરોડ અને આલ્કોક એશડાઉન કંપનીની ખોટ રૂ. ૬૬૧ કરોડની હતી. અત્યારની સરકારના કોમર્શિયલ જાહેર સાહસો મોટા ભાગે જંગી ખોટ કરે છે. આપણે જેને ઈકોનોમિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કહીએ છીએ તેવી રસ્તાઓ, નહેરો, નદી પરના બંધ, જળાશયો, નદી પરના પુલો, વીજળી, પાણી જેવી સાર્વજનિક સેવાઓ પૂરી પાડવાની સરકારની ફરજ છે. સરકારની અન્ય ફરજ શિક્ષણ અને આરોગ્યની મફત કે લોકોને પરવડે તેવા ભાવે સવલતો પૂરી પાડવાની છે.

ગુજરાત સરકારે પોતાના કુલ ખર્ચમાંથી કરેલા સહાયક અનુદાનો એટલે કે ગ્રાન્ટ પેટે પાછલા પાંચ વર્ષમાં રૂ.૧,૧૮,૩૧૨.૯૧ હજાર કરોડ એટલે કે ૧.૧૮ લાખ કરોડ રૂપિયા જેટલી રકમ કોઈ 'અન્યો'ને ચૂકવી દીધી છે. આવી ગ્રાન્ટમાં સતત વધારો થઈ રહ્યો છે. ગ્રાન્ટ મેળવનારી સંસ્થાઓ માટે સરકારે કોઈ સત્તા પણ નક્કી કરી ન હતી, જેના કારણે આવી સંસ્થાઓએ કેટલી ગ્રાન્ટનો ઉપયોગ કર્યો તેની ચકાસણી થઈ ન હતી. જેને ગ્રાન્ટ આપી છે તેની વિગતોની ગેરહાજરી અને હિસાબની દેખરેખ ન હોવાથી વિપરીત અસર ઊભી થઈ છે.

વિકસીત મોડેલ રાજ્યની ઓળખ પ્રસ્થાપિત કરી ચૂકેલા ગુજરાત રાજ્યમાં ગરીબ પરિવારોની સંખ્યા વધી રહી છે. વિકાસની ગુલબાંગો પોકારાઈ રહી છે, ત્યારે ગુજરાતમાં એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે મફત અનાજ લેનારાં'ય વધ્યા છે. ગુજરાતમાં ૩.૪૪ કરોડ લોકોએ મફત અનાજ મેળવ્યું છે. આ આંકડા જ પ્રદર્શિત કરે છે કે ગુજરાતમાં લોકો એવી ગરીબાઈમાં જીવે છે કે કેન્દ્રની યોજના હેઠળ મફત અનાજ મેળવી પેટનો ખાડો


પૂરી રહ્યા છે. ગુજરાતમાં ૩૪૪.૧૫ લાખ લોકોએ મફત અનાજ મેળવ્યું છે. મહત્વની વાત એ છે કે વાઈબ્રન્ટ ગુજરાતની સરખામણીમાં અન્ય રાજ્યોમાં મફત અનાજ લેનારાઓની સંખ્યા ઓછી છે. આંધ્રપ્રદેશમાં ૨.૬૮ કરોડ, છત્તીસગઢમાં ૨ કરોડ, હરિયાણા ૧.૨૬ કરોડ, કેરળ ૧.૫૪ કરોડ, પંજાબ ૧.૪૧ કરોડ લોકોએ અન્ન સલામતી યોજના હેઠળ મફત અનાજ મેળવ્યું હતું.

ગુજરાતમાં ૩૧.૬૭ લાખ ગરીબ પરિવારો છે. વિકાસમાં હરણફાળ ભરતાં ગુજરાતમાં ગરીબ પરિવારો વધ્યા છે. છેલ્લા બે વર્ષમાં ૧૩૫૯ ગરીબ પરિવારોની સંખ્યા વધી છે. એક બાજુ ભાજપના નેતાઓ મફત અનાજના મુદ્દે વાહવાહી લૂંટે છે, એટલું જ નહીં આ વાતને સરકારની સિદ્ધિ ગણાવે છે, વાસ્તવમાં ગુજરાતમાં ગરીબોની એવી પરિસ્થિતિ છે કે મોંઘવારી અને બેરોજગારીને કારણે લોકો મફત અનાજ લેવા મજબૂર બન્યા છે.

આજે મફત અનાજ લેવા વાજબી ભાવની દુકાનો પર લાઈનો લાગે છે. આ દૃશ્યોએ જ ગુજરાતમાં ગરીબીનું બિહામણું ચિત્ર ખુલ્લું પાડ્યું છે. ગુજરાતમાં ૩.૪ કરોડ લોકોની સ્થિતિ એટલી બદતર છે કે તેઓ મફત અનાજ લેવા મજબૂર છે. ગુજરાતમાં ગરીબી છૂપાવવા માટે હવે કોઈને કોઈ બહાને રેશનકાર્ડ રદ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આદિવાસી અને પછાત વિસ્તારોમાં ૮૩ હજાર એનએફએસએ કાર્ડ રદ કરી દેવામાં આવ્યા છે.

ડબલ એન્જિન સરકારના બંને એન્જિન જૂના થઈ ગયા છે. તેની ગતિ પહેલેથી જ ઓછી હતી તે ધીમી ગઈ છે. બંને એન્જિન ખખડી ગયા છે, એવરેજ ઓછી થઈ ગઈ છે. એક એન્જિન ટ્રેનને આગળ (ગામ તરફ) ખેંચે છે, બીજું એન્જિન પાછળની બાજુ (સીમ તરફ) ખેંચે છે, એટલે કે દિશા વિહીન છે, વાસ્તવિકતા કંઈક જૂદી જ છે. કેન્દ્ર સરકારે બીજા રાજ્યો કરતાં ગુજરાતને વધારાની કઈ તરફેણ કરી કે યોજનાઓનો આર્થિક ફાયદો કરાવ્યો ? ફક્તને ફક્ત પ્રચારના ઢોલ વગાડવા અને બારે માસ ચૂંટણી જીતવાના મોડમાં રહેવું તે ભાજપનો મંત્ર હોય તેવું લાગે છે. ■

**અને છેલ્લે :** ● કેવડિયામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી અને તેની આસપાસના સ્થળે કેટલીક હોટલો ગ્રાહકોના ખિસ્સા ખંખેરી રહી છે. ત્યાં છાશના એક ગ્લાસનો ભાવ રૂ.૨૦૦ છે. ● ગુજરાત સરકારે ગંદા પાણીના નિકાલ કે ટ્રીટમેન્ટ માટે પૂરતી સગવડ ઊભી કરી નથી.






# "હમ અદાની કે હૈં કૌન ?"

# FPO માટે રોકાણકારો પર દબાણ - સામાન્ય જનતા અને નિયમનકર્તાઓ સમક્ષ જુઠ્ઠાણાં

**અદાણી ગ્રૂપને ચીન પ્રજાસત્તાક સાથે લાંબા સમયથી સંબંધો છે, એક ચીની નાગરિક ચાંગ ચૂંગ-લિંગ (ઉર્ફે લિંગો-ચાંગ) વિનોદ અદાણી સાથે અદાણી ગ્રૂપની કેટલીય કંપનીઓમાં ડાયરેક્ટર રહ્યા છે, જેમનું નામ પણ પનામા પેપર્સ કૌભાંડમાં ચમક્યું છે**

**(પ્રકરણ-૨)**

પ્ર.૧૧ : ન્યૂ લિઆના 'સ્ટોક પાર્કિંગ' માટે દોષિત છે જેમાં વાસ્તવિક માલિકની માલિકી છૂપાવવા કે રેગ્યુલેટર સમક્ષ નિયંત્રિત કરવા ત્રાહિત પાર્ટી શેર ધરાવે છે. આ કંપનીઓ છેલ્લાં કેટલાંક સમયથી સેબીના રડાર પર હોવાથી આ અદાણી ગ્રૂપ સાથે સંકળાયેલ જાલી કંપનીઓ અને સંસ્થાઓ દ્વારા સ્ટોક પાર્કિંગની ગેરકાયદે પ્રવૃત્તિઓની તપાસની વર્તમાન સ્થિતિ શું છે ?




પ્ર.૧૨ : ૧૬, સપ્ટેમ્બર-૨૦૨૨ના રોજ અદાણી ગ્રૂપે એવી જાહેરાત કરી હતી કે, એન્ડેવર ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ લિ. દ્વારા અદાણી ફેમિલીએ અંબુજા સિમેન્ટ લિ. અને એ.સી.સી. લિ.નું સફળતાપૂર્વક અધિગ્રહણ કર્યું છે. આ અધિગ્રહણના પગલે અદાણીને ભારતના બીજા નંબરના સૌથી મોટાં સિમેન્ટ ઉત્પાદકનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. એન્ડેવરે અગાઉના માલિક પાસેથી હોલ્ડરીન્ડ ઈન્વેસ્ટમેન્ટ ખરીદીને અંબુજા સિમેન્ટસ અને એ. સી.સી.માં હિસ્સો સંપાદિત કર્યો હતો.

હોલ્ડરીન્ડ હાલ સુબીર મિત્રાનું નામ ડાયરેક્ટર તરીકે ગણાવે છે કે જેઓ અદાણી ફેમિલી ઓફિસનાં વડા છે અને રોજર્સ કેપિટલ કોર્પોરેટ સર્વિસિઝને મેનેજમેન્ટ કંપની તરીકે ગણાવે છે. રોજર્સનાં એક ડાયરેક્ટર જયેચુન્દ જિંગરી અદાણી એન્ટરપ્રાઈઝીસમાં (તત્કાલીન નામ અદાણી એક્સપોર્ટસ)માં પૂર્વ ડાયરેક્ટર છે કે જેઓ અદાણી એન્ટરપ્રાઈઝીસની દુર્ભાગી રૂ.૨૦ હજાર કરોડની ફોલો-ઓન પબ્લિક ઓફર (એફ.પી.ઓ.)માં એક એન્કર ઈન્વેસ્ટર તરીકે રોકાણ કરનાર પાંચ ઈન્વેસ્ટમેન્ટ ફંડ સાથે પણ સંકળાયેલ છે. જિંગરી પણ ભાગેડું શેરદલાલ કેતન પારેખ અને ધર્મેશ દોશી સાથે સંકળાયેલ છે. એન્કર ઈન્વેસ્ટર તરીકે રોકાણ કરનાર મોરેશિયસ સ્થિત ફંડ ધ ગ્રેટ ઈન્ટરનેશનલ ટસ્કર ફંડમાં પણ ડાયરેક્ટર તરીકે છે કે જેમાં વિનોદ અદાણી અને સુબિર મિત્રા અન્ય કંપનીઓમાં સહ ડાયરેક્ટર છે. શું આ એ વાતનો નિર્દેશ આપતું નથી કે સરકાર અને ખાનગી તપાસકર્તાઓ દ્વારા આક્ષેપ થયા મુજબ મની-લોન્ડરિંગ અને રાઉન્ડ ટ્રિપિંગમાં અદાણીના એક્ઝિક્યુટિવનું એક અગાઉથી સ્થાપિત નેટવર્ક છે ?

**એફપીઓ માટે રોકાણકારો પર દબાણ - સામાન્ય જનતા અને**

## નિયમનકર્તાઓ સમક્ષ જુઠ્ઠાણાં

પ્ર.૧૩ : શું એ વાત સાચી છે કે, લાંબા સમયથી વ્યાવસાયિક સંબંધો ધરાવતા એક હાઈ-પ્રોફાઈલ કેન્દ્રીય પ્રધાને ગૌતમ અદાણી વતી સૌથી જાણીતા પાંચ થી છ ઉદ્યોગપતિઓને અંગત ફોન કરીને અદાણીને ક્ષોભજનક સ્થિતિમાંથી ઉગારવા માટે અદાણીના એફપીઓમાં અંગત ફંડમાંથી રોકાણ કરવા જણાવ્યું હતું ? શું આ તપાસને પાત્ર હિતોના ટકરાવનો મામલો નથી ? શું તમે આ પ્રધાનને કાર્યવાહી કરવા જણાવ્યું હતું ?

પ્ર.૧૪ : અદાણી એફપીઓને ઉગારવા માટે જે બિઝનેસમેનને દબાણ કરવામાં આવ્યું હતું તેમને એવી ખાતરી આપવામાં આવી હતી કે ગૌતમ અદાણીની પ્રતિષ્ઠા બચાવવાનો આ જ એક માત્ર રસ્તો છે અને એફપીઓ પાછળથી રદ્દ કરવામાં આવશે અને રોકાણકારોને તેમનાં નાણાં પરત કરવામાં આવશે ? શું આ જાણકારી મોટા ભાગનાં રોકાણકારોથી છૂપાવવી અને માત્ર ચુનંદા લોકો સાથે જ શેર કરવી એ ભારતીય જામીનગીરીના નિયમોનું ઉલ્લંઘન કરતી નથી ? માત્ર કેટલાંક જ રોકાણકારો સમક્ષ આ માહિતી કેમ શેર કરવામાં આવી હતી ? આ રીતે એફપીઓ રોકાણકારોને છેતરવા એ નૈતિક બાબત ગણાય ?

પ્ર.૧૫ : વિનોદ અદાણીના સહયોગી જિંગરી સાથે સંકળાયેલ પાંચ ઈન્વેસ્ટમેન્ટ ફંડ- બેલગ્રેવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ, કોયસ ગ્લોબલ અપોર્ચ્યુનિટીઝ ફંડ, એવિએટર ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ફંડ, રેઝોનન્સ અપોર્ચ્યુનિટીઝ એન્ડ આયુષમાત દ્વારા રૂ.૨૦ હજાર કરોડના અદાણી એફપીઓમાં એન્કર ઈન્વેસ્ટર સબસ્ક્રીપ્શન તરીકે ૧૧.૩ ટકાનું રોકાણ કરવામાં આવ્યું હતું. શું આ ફંડોને અગાઉથી ગેરકાયદેસર રીતે પૂર્વ ચેતવણી આપવામાં આવી હતી કે એફપીઓ રદ્દ કરવામાં આવશે અને અદાણી ગ્રૂપની આબરૂ બચાવવા માટે જ તેમનું રોકાણ કરવામાં આવી રહ્યું છે ?

પ્ર.૧૬ : એન્કર ઈન્વેસ્ટર રાઉન્ડમાં રોકાણ કરનાર મોરેશિયસ સ્થિત ફંડ ધ ગ્રેટ ઈન્ટરનેશનલ ટસ્કર ફંડમાં જે ડાયરેક્ટરો છે તે વિનોદ અદાણી અને સુબિર મિત્રા સાથે અન્ય કંપનીઓમાં સહ-ડાયરેક્ટર પણ છે. એવા અહેવાલો છે કે, સેબી આમાના કેટલાંક ફંડની તપાસ કરી રહી છે. શું તમે ભારતીય રોકાણકારો અને નાગરિકોને એવી ખાતરી આપી શકશો કે તમારા મિત્રો માટે ભીનું સંકેલવાના બદલે યોગ્ય તપાસ કરાવશો ?

પ્ર.૧૭ : અદાણી ગ્રૂપે વિનોદ અદાણી સાથે કોઈ નિસ્બત નહીં હોવાનો દાવો કર્યો હોવા છતાં તેમણે વિનોદ અદાણીને જાહેર ફાઈલિંગમાં ગ્રૂપના એક અંતર્ગત ભાગ તરીકે વારંવાર દર્શાવેલ છે. જેમ કે- રૂ.૪૦૦ કરોડના ડેટ પ્રાઈવેટ ફંડ માટે ૨૦૨૦માં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બી.એસ.ઈ.) સમક્ષ દાખલ કરેલા મેમોમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, અદાણી ગ્રૂપ એટલે એસ.બી. અદાણી ફેમિલી ટ્રસ્ટ, અદાણી પ્રોપર્ટિઝ પ્રા. લિ., અદાણી ટ્રેડલાઈન એલ.એલ.પી., ગૌતમ અદાણી, રાજેશ અદાણી, વિનોદ એસ. અદાણી અને એસ.બી. અદાણી ફેમિલી ટ્રસ્ટ કે અદાણી પ્રોપર્ટિઝ પ્રા.લિ. કે અદાણી ટ્રેડલાઈન એલ.એલ.પી. કે ગૌતમ અદાણી કે રાજેશ અદાણી કે વિનોદ એસ. અદાણીની અલગ રીતે અથવા સામુહિક માલિકીની તમામ કંપનીઓ અને સંસ્થાઓનો સમાવેશ થાય છે. તમારા નિકટનાં મિત્ર રોકાણકારો અને જાહેર જનતા સમક્ષ કેમ આવા બેફામ જુઠ્ઠાણાં ચલાવે છે ?

પ્ર.૧૮ : અદાણી ગ્રૂપે એન્ડેવર ટ્રેડ અને ઈન્વેસ્ટમેન્ટ લિ. દ્વારા અંબુજા સિમેન્ટ અને એ.સી.સી.નું અધિગ્રહણ કર્યું હતું. તેના સેબી ફાઈલિંગમાં જણાવાયું હતું કે, અધિગ્રહણ કરનારની આખરી લાભાર્થી માલિકી વિનોદ શાંતિલાલ અદાણી અને શ્રીમતી રંજનાબેન વિનોદભાઈ અદાણી પાસે છે. શું વિનોદ અદાણી સાથે હવે છેડો ફાડી નાખવાનો દાવો કરનાર અદાણી ગ્રૂપ માટે આ એક પ્રકારનું હાસ્યાસ્પદ જુઠ્ઠાણું નથી ?

પ્ર.૧૯ : ૧, માર્ચ-૨૦૨૩ના રોજ અદાણી પાવરે બી.

એસ.ઇ. અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એન. એસ.ઇ.) સમક્ષ એવું જાહેર કર્યું હતું કે, તેણે હરિયાણાની બે વીજ વિતરણ કંપનીઓ સાથે પૂરક પાવર પરચેઝ એગ્રિમેન્ટ (પી.પી.એ.) પર હસ્તાક્ષર કર્યાં છે. જોકે આવા કોઈપણ પ્રકારનાં પી.પી.એ. પર એ વખતે હસ્તાક્ષર કરાયા ન હતા. શું અદાણીના શેરના ગગડતા ભાવોને ઉછાળવાનો આ એક પ્રયાસ હતો ?

પ્ર.૨૦ : અદાણી ગ્રૂપે અમદાવાદમાં કંપની રજીસ્ટ્રારને તા.૧૮, માર્ચ-૨૦૨૦ના રોજ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, કંપનીનાં પ્રયોજક વિનોદ એસ. અદાણીએ મહત્વપૂર્ણ લાભાર્થી હિતમાં બદલાવની જાણ કરી છે. આ પત્રો પર અદાણી એન્ટરપ્રાઈઝિસના કંપની સેક્રેટરી અને જોઈન્ટ પ્રેસિડેન્ટ (લિગલ) જતીન જાલુંધવાલાએ સહી કરી હતી અને તે સ્પષ્ટપણે બતાવે છે કે અદાણી ગ્રૂપના મામલામાં વિનોદ અદાણી મુખ્ય સૂત્રધાર છે. શું આ બાબત આખરે વિનોદ અદાણીની વિદેશી શેલ કંપનીઓ દ્વારા આચરવામાં આવેલ મની-લોન્ડરિંગ અને રાઉન્ડ-ટ્રિપિંગના આક્ષેપોમાં ભારતની શક્તિશાળી તપાસ એજન્સીઓ દ્વારા તપાસ તરફ દોરી જશે ?

પ્ર.૨૧ : દર સપ્તાહે એવા નવા નવા ઘટસ્ફોટ થતાં રહે છે કે જેમાં અદાણી ગ્રૂપ દ્વારા એવા દાવા કરવામાં આવે છે કે, વિનોદ અદાણી ગ્રૂપના સંચાલન અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સંકળાયેલા નથી જે દાવાઓ વાસ્તવમાં હાસ્યાસ્પદ છેતરપિંડી સમાન છે. જો વિનોદ અદાણી અદાણી ગ્રૂપ સાથે સંકળાયેલા ન હોય તો અદાણી એન્ટરપ્રાઈઝિસના એક્ઝિક્યુટિઝ અંબુજા સિમેન્ટ અને એ.સી.સી.માં કઈ રીતે સિનિયર મેનેજર બની શકે ? આ માટે કોમ્પિટીશન કમિશન ઓફ ઇન્ડિયા એવું ભારપૂર્વક જણાવે છે કે, વિનોદ અદાણી અને તેમના પત્નીની માલિકીની કંપની કે જેણે અંબુજા અને એ.સી.સી. ખરીદેલ છે તે એન્ડેવર અદાણી ગ્રૂપની માલિકીની છે ?

**અદાણી ગ્રૂપની કંપનીઓ અને સંબંધિત પાર્ટીઓના અયોગ્ય વ્યવહારો**

પ્ર.૨૨ : એક ઓસ્ટ્રેલિયન તપાસમાં એવું બહાર આવ્યું હતું કે, સિંગાપોર સ્થિત વિનોદ અદાણીની કંપની પિનેકલ ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટનો ઓસ્ટ્રેલિયામાં અદાણી ગ્રૂપની સંખ્યાબંધ અસ્કયામતો પર અંકુશ છે. ૨૦૨૦માં પિનેકલે રશિયાની હવે પ્રતિબંધિત વી.ટી.બી. બેંક સાથે ૨૪૦ મિલિયન ડોલરનો લોન કરાર કર્યો હતો અને ત્યાર બાદ એક સંબંધિત પાર્ટીને ૨૩૫ મિલિયન ડોલરની લોન આપી હતી જે સંભવિત રીતે અદાણી ગ્રૂપ સાથે સંકળાયેલ હતી એવું ફોર્બ્સ મેગેઝિનમાં જણાવાયું છે. શું આ બાબત સ્પષ્ટપણે એવું દર્શાવતી નથી કે વિનોદ અદાણી ગ્રૂપના નાણાકીય પ્રવાહના કેન્દ્રસ્થાને હતા કે જે અદાણીની અસ્કયામતોના એક ગ્રૂપથી બીજા ગ્રૂપને લોન આપવા માટે ઉપયોગ કરવામાં આવે છે કે જેનો આક્ષેપ હિંડનબર્ગ દ્વારા કરવામાં આવ્યો છે ? શું આ સમગ્ર ઘટનાક્રમ સેબી અને ઈડી દ્વારા તપાસને યોગ્ય નથી ?

પ્ર.૨૩ : એડિકોર્પ એન્ટરપ્રાઈઝિસ અમદાવાદ સ્થિત એક નાની કંપની છે કે જેનું રેવન્યૂ માત્ર રૂ.૬૪ કરોડ છે. તેણે ચાર અદાણી ગ્રૂપની કંપનીઓ પાસેથી રૂ.૬૨૨ કરોડ ઉછીના લીધા હતા અને ૨૦૧૯-૨૦માં અદાણી ગ્રૂપ પાવરને રૂ.૬૦૯ કરોડની લોન આપી હતી. ૨૯, જાન્યુઆરી-૨૦૨૩ના રોજ અદાણી ગ્રૂપે એવો દાવો કર્યો હતો કે, એડિકોર્પ એ સંબંધિત પાર્ટી નથી અને તેથી આ વ્યવહારોને યોગ્ય રીતે જાહેર કરાયા નથી. સ્વતંત્ર ડાયરેક્ટર અને અદાણી પાવર ખાતે ઓડિટ કમિટીના ચેરમેન મુકેશ એમ. શાહ પણ એડિકોર્પનું ઓડિટ કરનાર ફર્મનાં સંસ્થાપક અને મેનેજિંગ ડાયરેક્ટર છે. આ હિતોના ટકરાવના સંદર્ભમાં કઈ રીતે સંબંધિત પાર્ટીના નાણાકીય વ્યવહારોની કોઈ સ્વતંત્ર ચકાસણી કરી શકે ? શું આ ગહન જોડાણો અદાણી ગ્રૂપ દ્વારા આક્ષેપિત મની-લોન્ડરિંગ અને રાઉન્ટ-ટ્રિપિંગમાં ભીનું સંકેલવામાં મદદ કરી રહ્યાં હતાં ? ■ **(ક્રમશઃ)**

- ડૉ. માસુંગ ચૌધરી

# આપણી પાસે એક અનોખો ઇતિહાસ છે...

**''જય જય ગરવી ગુજરાત''નો ધ્વનિ બુલંદ થઈ રહ્યો છે, એવી કલ્પના કરશે, પણ ''૨૧મી સદીના ત્રીજા દાયકાનું ગુજરાત'' ક્યા મોડ પર ઊભું છે ? એ વિશે કોઈ એક શબ્દ પણ કહેશે નહીં**

**આપણી** પાસે ઇતિહાસ છે, ગુજરાતની ઐતિહાસિક, સાહિત્યિક, સામાજિક ઓળખ ઊભી કરનાર મહાન હસ્તીઓના સંઘર્ષની યાદો છે. અલગ 'મહાગુજરાત'ના સપના અને સંઘર્ષગાથા છે. ગુજરાતી ભાષાના શબ્દસાધકોની પંક્તિઓ છે, જે ૧લી મેના દિવસે કામ લાગે છે.

● જોરશોરથી 'ગુજરાત સ્થાપના દિવસ'ની ઉજવણી થાય છે અથવા કરે છે અને સૌ એક દિવસ ધન્યતા કે ગૌરવ અનુભવીને ઊંઘી જાય છે પણ ૨૧મી સદીના ત્રીજા દાયકામાં આપણું ''ગુજરાત કેવું છે ? કેવી પરિસ્થિતિ છે ?'' આ બંને પ્રશ્નના સાચા જવાબ શોધશો તો ધ્રુજી જશો. આજનું ગુજરાત 'ગરવી' નથી, 'સદાકાળ' પણ નથી, 'મહા' કે 'મહાન' પણ નથી. 'ધબકતું' પણ નથી અને હા, 'પ્રગતિશીલ' પણ નથી. 'સમરસતા'ની વાત જ કરતા નહીં.

— તો ૨૧મી સદીના ત્રીજા દાયકાનું ગુજરાત કેવું છે ? જવાબ છે : "Totally controlled Gujarat." આ બ્રિટિશ સંસ્થાનવાદનું નવું રુપ છે, જે ખૂબ ખતરનાક છે. માનવીય મૂલ્યો અને માનવતા માટે જોખમી છે. ગુજરાતમાં કોઈ પ્રશ્નો નથી, એમ કહીને પ્રશ્નો ઉઠાવનાર સૌ કોઇને ''યેનકેન પ્રકારે કન્ટ્રોલ્ડ'' કરી દેવામાં આવે છે, એ માટે બ્રિટિશરાજ કરતા પણ ખતરનાક ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે.

● આજના દિવસે વક્તાઓ, નેતાઓ, કથિત વિચારકો, લેખકો અને કલાકારો ગુજરાતના ઇતિહાસની વાત કરશે. ગાંધી-સરદાર કે ઇન્દુચાચા-રવિશંકર મહારાજ કે નરસિંહ, નર્મદ, મેઘાણી, મુનશીની વાતો કરશે. ''જય જય ગરવી ગુજરાત''નો ધ્વનિ બુલંદ થઈ રહ્યો છે, એવી કલ્પના કરશે, પણ ''૨૧મી સદીના ત્રીજા દાયકાનું ગુજરાત'' ક્યા મોડ પર ઊભું છે ? એ વિશે કોઈ એક શબ્દ પણ કહેશે નહીં.

● ગુજરાતના સમાજજીવનમાંથી સિફતપૂર્વક રાજનેતાઓ અને માણસોના પ્રશ્નો સમજનાર અને પ્રશ્નો ઉઠાવનાર રાજનેતા (નેતા નહીં)ઓનો એકડો કાઢી નાખવામાં આવ્યો અને કોઇને ખ્યાલ પણ ન આવ્યો ?

● સહેજ વિચારો... ગુજરાતમાં અનેક સમસ્યા છે, એ પછી ખેડૂતો, સરકારી પગારદારો, મહિલાઓ, યુવાનો, નાના વેપારીઓ, દૂધ ઉત્પાદકો કે અન્ય કોઈ પણ વર્ગના પ્રશ્નોને રજૂ કરનાર કોઈ છે ખરું ?

● ગુજરાતમાં દરેક ક્ષેત્રમાં નિષ્ફળ પ્રયોગો કરવામાં આવે છે, એમાં નિષ્ફળ પરિણામોની વળી વાહ-વાહ કરવામાં આવે છે, આ નવો ટ્રેન્ડ ખૂબ જોખમી છે.

● બળાત્કારીઓનું સન્માન કે એક જ દરિયાઈ પોર્ટથી ડ્રગ્સ લાવવાની ઘટના, નિયમિત પૂજા-પ્રાર્થનાની જેમ પેપર લીક થવાની બાબત, સમાજજીવનના મૂળ પ્રશ્નોને રજૂ કરવા વિરોધ કે સરકારની કથિત નીતિઓની ટીકા કરનારને 'ગુજરાત વિરોધી', 'હિન્દુ વિરોધી' અને 'રાષ્ટ્ર વિરોધી' માનીને પાકિસ્તાન જતા રહો, એમ કહેવામાં આવે છે. (આ જ પ્રકારના વલણથી પાકિસ્તાનની દુર્દશા થઈ છે, એ યાદ રાખવું રહ્યું.)

● ગુજરાતમાં કોઈ પણ યુવતિની હત્યા થાય તો પ્રજા એ ઘટનાને બે ત્રાજવામાં તોળે છે, એમાં તાજેતરની મહેસાણાની નિશા જેવી યુવતિની ક્રૂર હત્યા વખતે એક મોટો વર્ગ મૌન ધારણ કરી લે છે અને જાણે કશુંય બન્યું જ નથી, એમ માનીને સરકાર આંખ આડા કાન કરી લે છે.

● ગુજરાતમાં ભ્રષ્ટાચારની વાત કરવા જેવી નથી. ભ્રષ્ટાચાર માટે જ યોજના બનાવવામાં આવે છે. એ પછી 'નળમાં પેટ્રોલ આવશે'નો પ્રોજેક્ટ હોય કે પછી વાઈબ્રન્ટ ગુજરાતની શ્રેણીઓ હોય ? IAS લોબી PR એજન્સી સાથે મળી એક ખેલ કરે અને મંત્રીઓ સહભાગી બને છે, આ ખતરનાક ખેલથી ગુજરાત આર્થિક રીતે ડૂબી ગયું છે.

● દરેક ઘટના પર પડદો પાડી દેવો- આ તો ગુજરાત સરકાર પાસેથી જ શીખવા જેવું છે. તાજેતરની બે ઘટના- મોરબીના ઝુલતા પૂલે ૧૫૦ લોકોનાં જીવ લીધા તો આરોપ પણ લોકો પર લગાવવામાં આવ્યો અને GCMMF (અમૂલ ફેડરેશન)ના કોઈ બે પ્રતિનિધિએ પરદેશમાં જઇને એક મહિલાનો વિનયભંગ કર્યો તો સૌને જાણવાનો હક્ક છે કે એ કોણ હતા ? પણ આ તો ગુજરાતને બદનામ કરવાનું કાવતરું ગણાવી ઘટનાને શાંત કરી દીધી. **(અનુસંધાન પાન ૧૪ પર)**

# ‘રાત વીતી જશે, એક સુંદર સવાર પડશે, સૂર્ય ઊગશે’

**અટલજીએ જેનો ઉલ્લેખ કર્યો હતો તે બે પંક્તિઓ - ‘‘અંધેરા છટેગા, સૂરજ નિકલેગા, કમલ ખીલેગા’, ભ્રમરનો આશાવાદ દર્શાવે છે પણ આ આશાવાદથી દોરાયેલો મોહાંધ ભમરો છેવટે એ બિડાયેલા કમળની પાંખડીઓ વચ્ચે જ પોતાનો અંતિમ શ્વાસ લે છે**

**ભારતીય** જનતા પાર્ટીની સ્થાપના ૬, એપ્રિલ-૧૯૮૦ના દિવસે થઈ. ૧૯૮૫માં થયેલ લોકસભાની ચૂંટણીઓમાં આ પાર્ટીને આખા દેશમાંથી માત્ર બે જ બેઠકો પર વિજય મળ્યો. એમાંની એક બેઠક ગુજરાતમાંથી ડૉ.એ.કે. પટેલ જીત્યા હતા. આ પાર્ટીના ભવિષ્ય વિષે આશાવાદ વ્યક્ત કરતાં અટલજીએ જે શબ્દો કહ્યા હતા તે શબ્દો મહદઅંશે સાચા પડ્યા છે. તેઓએ કહ્યું હતું કે : ‘‘અંધેરા છટેગા, સૂરજ નિકલેગા, કમલ ખિલેગા.’’ આ કોઈ ભવિષ્યવેત્તાની વાણી હતી એવું માનતા હોવ તો આખોય પ્રસંગ સંસ્કૃત સાહિત્યમાં એક કરુણાંતિકા તરીકે આલેખાયો છે. અટલજીના કથનમાં આ સુભાષિતની પ્રથમ બે પંક્તીઓ કહેવાઈ છે.

**रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,**

**भास्वानुदेष्यति हसिष्यति पङ्कजालिः ॥**

**इत्थं विचिन्तयति कोशगते द्विरेफे, हा हन्त !**

**हन्त ! नलिनी गज उज्जहार ॥**

કમળના ફૂલમાં એને માણતા માણતા સૂર્યાસ્ત થઈ રહ્યો છે એનું ભાન ભૂલેલો દ્વિરેફ એટલે કે ભ્રમર અંધારા ઉતરતા કમળની પાંખડીઓ બિડાઈ જાય ત્યારે એમાં કેદ થઈ જાય છે. હજુ પણ એ મોહભંગ થયો નથી. એણે ધાર્યું હોત તો વાંસમાં પણ કાણું પાડી શકવાની એની શક્તિ કમળની પાંખડીઓમાં છેદ પાડી મુક્ત થયો હોત એને ન રોકી શકત. પણ એ મોહાંધ ભમરો તો કમળપાંખડીમાં કેદ થઈને ભવિષ્યની સુંદર કલ્પનાઓમાં ખોવાઈ જાય છે.

એ વિચારે છે કે રાત પૂરી થશે, સૂર્ય ઊગશે અને સૂર્યોદય થતાં જ કમળનું ફૂલ પાછું ખીલી ઉઠશે. એ વિચારથી દોરાયેલો ભમરો કમળની મોહિનીની કેદમાં પોતાના સ્વપ્નલોકમાં સરી જાય છે. બરાબર ત્યારે જ જ્યારે આ ભ્રમર આવું વિચારી રહ્યો છે તે સમયે હે રામ !

અત્યંત દુઃખદ ઘટના ઘટે છે. હાથીઓનું એક ઝુંડ આવી ચઢે છે અને એમાંનો એક હાથી પેલા બિડાયેલા કમળની કળીને ઉખાડી નાખે છે. ત્યારે મૂળસોતું ઉખડી ગયેલું કમળ તો હવે ફરી ખીલવાનું નથી. એ જ્યારે હવે મૂળસોતું ઉખડી ચૂક્યું છે ત્યારે સૂર્યનો ઉદય થાય કે મધ્યાહ્ન્ને પહોંચે શું ફરક પડી શકે છે ? કમળના મોહમાં ડૂબેલો ભ્રમર એ કળીની અંદર જ ફસાઈને તેમાં અંતિમ શ્વાસ લે છે.



અટલજીએ જેનો ઉલ્લેખ કર્યો હતો તે બે પંક્તિઓ - ‘‘અંધેરા છટેગા, સૂરજ નિકલેગા, કમલ ખીલેગા’, ભ્રમરનો આશાવાદ દર્શાવે છે પણ આ આશાવાદથી દોરાયેલો મોહાંધ ભમરો છેવટે એ બિડાયેલા કમળની પાંખડીઓ વચ્ચે જ પોતાનો અંતિમ શ્વાસ લે છે. ભવિષ્યની મધુર કલ્પનાઓ કરવી જ જોઇએ. આશાના સહારે તો આપણે દોડીએ છીએ. આશાથી મુક્ત માણસ પાંગળો છે. પણ... આશા અને મોહ વચ્ચેનો તફાવત સમજવો જોઇએ.

કમળ ભમરાને આકર્ષે છે પણ એના મોહમાં જકડાયેલો ભમરો કમળની પાંખડીઓ બિડાઈ જાય છે તો પણ એને કોરી નાખીને બહાર નીકળવાનો પ્રયત્ન કરતો નથી.

આ વાત છે નસીબની. સવાર પડશે, કમલ ખીલશે અને પેલો ભમરો એમાંથી છૂટી જશે, એ આશામાં કમળમાં એવો તો ફસાયો છે કે એનો મોહભંગ થાય એ પહેલાં તો એનું જીવન સમાપ્ત થઈ જાય છે. આવો ભાવ માણસે સુખની આશામાં પોતાના દુઃખના દિવસો કાપવા જોઈએ તેવો ઉપદેશ આપવાનો હોઈ શકે. પણ દુઃખનો અંત આવે તે પહેલાં તો મૃત્યુનો વિકરાળ પંજો એને જકડી લે છે.

સુભાષિતનો ભાવ એવો છે કે માણસ સુખની આશામાં પોતાના દુઃખના દિવસો વિતાવે છે, પરંતુ તેના દુઃખનો અંત આવે એ પહેલા જ મૃત્યુ તેને ઘેરી લે છે. અર્થ એ છે કે માણસ ગમે તેટલી મીઠી કલ્પનાઓ કરે, પરંતુ તેના પર કંઈ જ નિર્ભર નથી. ભગવાન જે ઈચ્છે છે તે થાય છે.

અયોધ્યાની ગાદી પર ભગવાન રામનો રાજ્યાભિષેક નિશ્ચિત હતો. કદાચ એ રાત્રે પેલા ભ્રમરની માફક ભગવાન પણ એની મધુર કલ્પનાઓનાં સોણલાં સેવતા હશે. ભગવાન રામ પણ પોતાનું રાજ્ય કેવું હશે, એ પરિકલ્પનામાં રાચતા હશે ? કોને ખબર !!!

પણ સવાર તો જૂદી જ ઊગવાની હતી.

રાત્રિ વીતી, સવાર પડી. એ સોણલાં અધૂરાં જ રહ્યાં. તે પહેલાં તો કૈકેયી નામની હાથણીએ મધુર કલ્પનાઓની કમળ પાંખડીઓમાં કેદ આ રામરાજ્યના સપનાને રોળી નાખ્યું. કમળ મૂળસોતું હાથણીએ ઉખેડી નાખ્યું.

સવારે રાજ્યાભિષેક નહીં પણ રામવાસના રસ્તે અને દશરથ મૂર્છાવસ્થામાં !!

હા હન્ત ! હા હન્ત ! ગજ ઉજ્જહાર.

શું આને નિમિત્ત કહીશું કે પછી ભાવિના ગર્ભમાં છૂપાયેલું રહસ્ય. જો ભગવાન સ્વયં એ પામી નહોતા શક્યા તો માણસનાં શમણાં સાચાં જ પડે એવું જરૂરી ખરું ?

પણ નકારાત્મક વિચારો ના કરો. આજે નહીં તો કાલે, યાદ રાખો, ''હમ હોંગે કામિયાબ' હમ હોંગે કામિયાબ એક દિન...'' એક દિવસ પેલો વનવાસી રામ લંકા પર ભવ્ય વિજય પ્રાપ્ત કરીને અયોધ્યાના સિંહાસને બેસશે. રામરાજ્યની કલ્પના સાકાર થશે.

મનુષ્ય ગમે તેટલી મધુર કલ્પનાઓ કરે પણ આખરે તો ઈશ્વર જે ચાહે છે તે જ થાય છે. કોઈ કોઈનું બગાડી શકતું નથી, કોઈ કોઈનું સુધારી શકતું નથી. એટલે જ કહ્યું છે : ''મુદઈ લાખ બુરા ચાહે તો ક્યા હોતા હૈ, વહી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ...'' ■

---

**(પ્રાસંગિક.... અનુસંધાન પાન ૧૨થી ચાલુ)**

આ આર્થિક તાકાતનું પરિણામ છે.

● ગુજરાતની કેબિનેટને અપવાદ સિવાય ઉદ્ઘાટન કરવા સિવાય કોઈ પાવર નથી. બ્રિટિશ સંસ્થાનવાદની જેમ બે-ત્રણ અધિકારી ગુજરાતને ચલાવી રહ્યાં છે, આવું દોઢ દાયકાથી ચાલે છે, એમાં પોલીસ અધિકારીઓને માર્ગ મોકળો મળી ગયો છે.

● ગુજરાતની વર્તમાન પેઢી કોઈ પણ રીતે કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા કે બ્રિટન, યુરોપ કે ગોરાઓના કોઈ પણ દેશમાં સ્થાયી થવા મથી રહી છે અને આપણે ગૌરવ લઈએ છીએ ? કંઈ બાબતનું ગૌરવ ? કોઈ પાસે જવાબ નથી, જવાબ મળશે પણ નહીં. કોઈને પૂછતા પણ નહીં, અન્યથા 'ગુજરાત વિરોધી' કહીને ઉતારી પાડશે.

**અને છેલ્લે :**

● સૌથી દુઃખદ વાત તો એ છે કે, ''ગુજરાતનો એક મોટો વર્ગ મહાત્મા ગાંધીજીને નફરત કરતો થઈ ગયો છે અને સરદાર વલ્લભભાઈ પટેલના નામ પર કૂચડો મારીને 'પોતાનું નામ' જાતે લખી દીધું, છતાં મૌન ધારણ કરી લીધું. આવું ખતરનાક કૃત્ય અસ્મિતા અને પ્રભુતાનો ધ્વનિ સાંભળી શકે એ પ્રજાજીવનમાં બની શકે નહીં !

● એકવીસમી સદીના ત્રીજા દાયકાના "Totally controlled Gujarat." ને સ્થાપના દિવસની શુભેચ્છાઓ !! અને હા, હજુ કોઈ કહેશે કે આજના દિવસે પણ તમને દેખાતું નથી, સહેજ સરખા ચશ્મા પહેરીને જોવે 'જય જય ગરવી ગુજરાત'ને, તો આવા શુભેચ્છકોને એટલું જ કહેવું છે કે- ''૨૧મી સદીના ત્રીજા દાયકાના ગુજરાત''ને મેગ્નિફાઇડ ગ્લાસથી જોશે તો બધું દેખાશે, બસ આસપાસ નજર કરવી રહી. મારી પાસે મેગ્નિફાઇડ ગ્લાસ છે, એનાથી ગુજરાતની રેતીને રોજ જોઉં છું અને અનુભવું છું કે નવા સંસ્થાનવાદનું આગમન થઈ ચૂક્યું છે.

**અંતે...** 'ખલીલ' ધનતેજવીની પંક્તિ-

**''વાત મારી જેને સમજાતી નથી, એ ગમે તે હોય, ગુજરાતી નથી.''**

**નોંધ :** આ કેટલાક શબ્દોની વ્યથા છે, આખી કથા તો લાંબી છે, કદાચ ''વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે''ના અર્થઘટન જેવી... (માસુંગ દોસ્તની ફેસબુક વૉલ પરથી આ લેખ લીધો છે...)

# દેશમાં સામાન્ય રાજનીતિનો અંત : હવે અસાધારણ રાજનીતિ હાવી થઈ ગઈ છે

**૨૦૧૯થી માત્ર વ્યક્તિઓને જ નહીં, પરંતુ સંગઠનો, સંસ્થાઓને પણ 'ત્રાસવાદી' તરીકે જાહેર કરી શકાય છે, સરકારની કોઈ પણ ટીકાને રાષ્ટ્રવિરોધી તરીકે ચિતરવામાં આવે છે, વાણી સ્વાતંત્ર્ય પર અઘોષિત રાષ્ટ્રીય સુરક્ષાના નામે નિયંત્રણો થોપવામાં આવે છે, વિદેશી કનેક્શન કોઈ પણ અભિપ્રાયને શંકાસ્પદ બનાવે છે**

**જ્યારે** ભારતીય બંધારણ ઘડવામાં આવી રહ્યું હતું, ત્યારે તેના ઘડવૈયાઓએ સંકલ્પ કર્યો હતો કે હવે પછીની તમામ રાજનીતિનું તેની મર્યાદામાં રહીને સંચાલન કરવામાં આવશે. બંધારણના શિલ્પી ડૉ.બી.આર. આંબેડકરે જણાવ્યું હતું કે, આપણે સવિનય કાનૂનભંગ, અસહકાર અને સત્યાગ્રહની પદ્ધતિને તિલાંજલી આપવી જોઈએ સામાજિક અને આર્થિક હેતુઓ સિદ્ધ કરવા માટે સંવૈધાનિક પદ્ધતિઓ માટે કોઈ માર્ગ બચ્યો ન હતો ત્યારે ગેરબંધારણીય પદ્ધતિઓ માટે ઘણું ઔચિત્ય હતું.




### રાજનીતિ અને અંતર

રાજકીય સિદ્ધાંતકારો સામાન્ય રાજનીતિ અને અસામાન્ય રાજનીતિ વચ્ચે અંતર પાડે છે. સામાન્ય રાજનીતિ સ્થાપિત આદેશને પુનઃ સ્થાપિત કરે છે. જ્યારે અસામાન્ય કે અસાધારણ રાજનીતિમાં સાર્વભૌમ, પ્રજા, મૂળ સિદ્ધાંતોને બદલે છે અને વ્યવસ્થાને પુર્નગઠિત કરે છે. નવી વ્યવસ્થાની સ્થાપના સામે જ્યાં સુધી વિદ્રોહના માધ્યમ દ્વારા તેને પડકારવામાં આવતી નથી ત્યાં સુધી તેને 'રાજનીતિનો અંત' માની લેવામાં આવે છે. ડેવિડ હેલ્ડ 'રાજનીતિના અંત'ની વિભાવનાનો ઉપયોગ માર્કસવાદનું વિશ્લેષણ કરવા માટે કરે છે. 'રાજનીતિના અંત'નો અથવા રાજ્યના યુગનો અંત, અર્થ રાજકીય જીવનનું પરિવર્તન એવો થાય છે. સ્થાનિક શાસન પદ્ધતિની સ્થાપના સાથે, તમામ આકલન, તમામ રાજનીતિનું ધ્યેય રાજનીતિનો અંત લાવવાનું હોય છે.

સંસ્થાપકોએ માત્ર તમામ સવિનય કાનૂનભંગથી જ દૂર રહ્યા ન હતા, પરંતુ નાગરિકો દ્વારા વિદ્રોહ-બંડથી લઈને બદનક્ષી સુધી આજ્ઞાપાલન અને તાબેદારીનો અમલ કરાવવા સામ્રાજ્યવાદીની કાનૂની માળખાના સાધનોને જાળવી રાખ્યા હતા કે જે માટે વર્તમાન શાસન સામેના મુખ્ય નેતા દોષિત છે. દરેક નવી સંવૈધાનિક વ્યવસ્થા સાથે સંમત થયા વગર ભારતીય રાજકીય પરીદૃશ્યના જમણેરી અને ડાબેરીઓએ શરૂઆતથી જ તેના ઔચિત્ય સામે સવાલ ઉઠાવ્યા છે. ૨૦૦૯માં ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં એવો અફસોસ વ્યક્ત કરાયો હતો કે સ્વતંત્ર ભારતના નેતાઓ બ્રિટિશ દ્વારા સર્જિત સંસ્થાકીય માળખા સાથે કામ કરવાનું ચાલું રાખ્યું છે કે જે ભારતની સાંસ્કૃતિક સભાનતાથી અલિપ્ત છે. કાનૂની રીતે પરિભાષિત રૂપરેખાની બહાર રાજકીય એકત્રીકરણ ચાલું રહ્યું હતું કે જેને વિદ્રોહ અને સંસ્થાગત રાજકીય પ્રવૃત્તિની મર્યાદાની વચ્ચે ગણાવી શકાય. બ્રિટિશ કરતા પણ વધુ ખરાબ લાંછનના આક્ષેપો કોંગ્રેસ સામે તેનાં વિરોધીઓ દ્વારા થતા રહ્યાં ભૂગર્ભીય સશસ્ત્ર બંડખોરો, અલગતાવાદીઓ અને રાજકીય બંડખોરોએ બંધારણીય

વ્યવસ્થાની મર્યાદાઓને ફગાવી દીધી હતી. ઊલટી રીતે વિવિધ અસંતુષ્ટ તત્ત્વો સાથે રાજકીય સમાધાને મૂળ વ્યવસ્થા સાથે પણ ચેડાં કર્યા હતા. તત્કાલિન વડા પ્રધાન એ.બી. વાજપેયીએ લોકપ્રિય રીતે કહ્યું હતું કે કાશ્મીર સમસ્યાનું નિરાકરણ બંધારણની મર્યાદામાં નહીં, પરંતુ માનવતાની મર્યાદામાં લાવવામાં આવશે.

અસાધારણ રાજનીતિના ત્રણ મુદ્દાઓ ભારતની તેની વર્તમાન હિન્દુત્વ વ્યવસ્થા તરફની યાત્રામાં સીમાચિહ્નરૂપ છે- જે.પી. ચળવળ, અયોધ્યા ચળવળ અને અણ્ણા હઝારે ચળવળ- આ તમામ ચળવળ વિધ્યાંની ઉપરના પ્રદેશો પૂરતી સીમિત રહી હતી. આ ત્રણેય વચ્ચે સામાન્ય બાબત એ છે કે, આ ત્રણેય ચળવળોએ લોકોને વિદ્રોહ દ્વારા બંધારણીય રીતે સ્થાપિત વ્યવસ્થાને ઉથલાવવા માટે સંગઠિત કર્યા હતા અને એટલે કે હિંસા માટે ભડકાવ્યા હતા. જે.પી.એ તેને સંપૂર્ણ ક્રાંતિ ગણાવી હતી.

બીજી અયોધ્યા ચળવળમાં ભાજપ અને સંઘે એવી દલીલ કરી હતી કે લોકપ્રિય સાર્વભૌમત્વને કાયદા દ્વારા નિયંત્રિત કરી શકાય નહીં. ૧૯૯૨માં બાબરી મસ્જિદનો ધ્વંસ કરાયો હતો. અણ્ણા ચળવળમાં ભ્રષ્ટાચારના કોઈ પણ શકમંદને સીધી જ સજા કરવાની માગણી કરવામાં આવી હતી. લોકતંત્રના સમગ્ર સંસદીય મોડલને ગેરકાયદે તરીકે તેમજ લોકપ્રિય મંજૂરીથી વંચિત જાહેર કરીને નિશાન બનાવવામાં આવ્યું હતું.

ભારતમાં અસાધારણ રાજનીતિના આ ત્રણેય તમામ તબક્કાઓમાં સંઘ પરિવાર એ સામાન્ય પરિબળ હતું. વાસ્તવમાં તે ક્રમાનુસાર હતું. એક સ્થિતિ બીજી સ્થિતિ તરફ દોરી જતું પરિબળ હતું- જે ૨૦૧૪માં હિન્દુત્વની ચૂંટણીકીય બહુમતીમાં પરિણમ્યું હતું. ચૂંટાયેલા વડા પરધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ''ભારત આખરે ગુલામીના ૧૨૦૦ વર્ષમાં સ્વયં આઝાદ થયું છે.'' આ રીતે એક નવી વ્યવસ્થાનો ઉદય થયો હતો.

### વિરોધાભાસી-અસંગત વ્યવસ્થા

જ્યારે કોઈ વ્યવસ્થા પુર્નગઠિત થાય છે ત્યારે પૂર્વ શાસનના સાધનોને બદલવાના બદલે તેના પર હાવી થઈને કબજો જમાવવામાં આવે છે. પ્રજાસત્તાકની સ્થાપનામાં બન્યું તેમ, હિન્દુત્વ વ્યવસ્થા ભણી તેના પરિવર્તન બાદ તુરંત કાનૂની રાજનીતિનું પુર્નગઠન થયું હતું. વિવિધ સરકારો દરમિયાન આટલા બધાં દાયકાઓમાં ગેરકાયદે પ્રવૃત્તિ (અટકાયત) અધિનિયમ (યુપીપીએ)ની લાંબી સફર બોધપ્રદ છે. ૨૦૧૯થી માત્ર વ્યક્તિઓને જ નહીં, પરંતુ સંગઠનો-સંસ્થાઓને પણ 'ત્રાસવાદી' કે 'આતંકવાદી' તરીકે નિર્દિષ્ટ કરી શકાય છે. માત્ર ગેરકાયદે સંગઠન કે જૂથ સાથેનું જોડાણ પણ વ્યક્તિએ કોઈ ગેરકાયદે કૃત્ય કર્યું હોય કે ન કર્યું હોય તે ધ્યાનમાં લીધા વગર તેને જવાબદાર ઠરાવી શકાય છે. ભારતની સુપ્રીમ કોર્ટે શાહીનબાગ ખાતે (૨૦૧૯-૨૦)ના દેખાવકારોને જણાવ્યું હતું કે તેમણે કાયદાની મર્યાદામાં રહીને વર્તવું જોઈએ. સરકારની કોઈ પણ ટીકા કે આલોચનાને રાષ્ટ્રવિરોધી તરીકે ચિતરવામાં આવે છે, વાણી સ્વાતંત્ર્ય પર અઘોષિત રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર નિયંત્રણો થોપવામાં આવે છે અને વિદેશી જોડાણ કોઈ પણ અભિપ્રાયને વિવાદાસ્પદ કે શંકાસ્પદ બનાવે છે. સાથે સાથે અયોધ્યા વિદ્રોહને પશ્ચાદવર્તી અસરથી અદાલતી પ્રક્રિયા દ્વારા 'સાર્વભૌમ પ્રવૃત્તિ' તરીકે કાનૂની જાહેર કરાયેલ છે.

જો સંસ્થાઓ અને કાયદો ગોઠવાયેલ વ્યવસ્થા પુનઃ પેદા કરે તો પરિવર્તન-બદલાવ ઘણીવાર અસ્પષ્ટ-સ્થિતિમાંથી આવે છે. ખરો પડકાર સામૂહિક ચળવળ, અસાધારણ રાજનીતિના માધ્યમ દ્વારા આવે છે. જો હિન્દુત્વ શાસન પોતાની વિરુદ્ધની તમામ રાજનીતિને રાષ્ટ્ર વિરોધી તરીકે ગણાવે તો રાજકીય પ્રક્રિયાનું અવમૂલ્યન થાય છે કે જેનો લાંબો ઇતિહાસ છે. નાગરિક સમાજ સંગઠનોને રાજકીય પક્ષોના વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરાયા હતા.

ગઈસાલ જમ્મુ-કશ્મીર પોલીસે ''નેરેટિવ ટેરરિઝમ'નો કેસ બનાવ્યો હતો. મૂળભૂત રીતે પ્રોસિક્યુટરને કાનૂની રાજનીતિની મર્યાદા જાહેર કરવાની ક્ષમતા છે અને આવું કોંગ્રેસના નેતા શ્રી રાહુલ ગાંધી વિરુદ્ધના બદનક્ષીના કેસમાં બન્યું છે, જેમનું સાંસદપદ છીનવી લેવાયું છે. હિન્દુત્વ હજુ પણ સુદૃઢીકરણની પ્રક્રિયામાં છે. તે જેમ કે અયોધ્યામાં રામમંદિર બાંધવા વર્તમાન કાયદા અને સંસ્થાઓનો ઉપયોગ કરે છે. તેણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે બંધારણના પાયાના માળખાનો સિદ્ધાંત સાર્વભૌમ ઇચ્છાની સામે કાયદેસર રીતે અમાન્ય છે.

**- વર્ગીઝ કે.જ્યોર્જ (સૌજન્ય : 'ધ હિન્દુ')**




ગાંધીનગર શહેર - જિલ્લા આયોજિત "જય ભારત સત્યાગ્રહ સંમેલન" : ૧૫/૦૪/૨૦૨૩




અરવલ્લી જિલ્લા આયોજિત "જય ભારત સત્યાગ્રહ સંમેલન" : ૧૭/૦૪/૨૦૨૩




મેહસાણા જિલ્લા આયોજિત "જય ભારત સત્યાગ્રહ સંમેલન" : ૧૮/૦૪/૨૦૨૩




નર્મદા જિલ્લા આયોજિત "જય ભારત સત્યાગ્રહ સંમેલન" : ૨૧/૦૪/૨૦૨૩




એસ.સી., એસ.ટી, ઓ.બી.સી. તથા લઘુમતી વિભાગની સંવાદ બેઠક

**Published on every 5th and 20th every month**




R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.